
# રાણીવાડા પશુ મેળામાંથી પરત આવતા વેપારીઓ અને જીવદયાપ્રેમીઓ વચ્ચે હોબાળો

દાંતીવાડા, તા. ૩૦

રાજસ્થાનના રાણીવાડા ગામે ભરાયેલા પશુમેળામાંથી પોતાના પશુઓને ૩૩ જેટલી ટ્રકોમાં ભરી ગુજરાતના ગુંદરી ચેક પોસ્ટ પરથી વેપારીઓ પરત આવી રહ્યા હતા. નિયમ મુજબ એક ટ્રકમાં ૮ પશુઓ ભરવાના હોય છે. પરંતુ ભાડુ બચાવવા માટે વેપારીઓએ આર.ટી.ઓ.ના અધિકારીઓની મીલીભગતથી એક ટ્રકમાં ૧૫-૧૫ જેટલા પશુઓ ભરી ગુજરાતમાં પ્રવેશ કર્યો હતો. જેની જાણ જીવદયા પ્રેમીઓને થતા મોટુ ટોળુ ચેક પોસ્ટ નજીક ધસી આવ્યું હતું. ટ્રકોને રોકી ભારે રોષ વ્યક્ત કર્યો હતો. અંતે આખરે પોલીસ આવતા મામલો થાળે પડ્યો હતો.


(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

રાજસ્થાનના રાણીવાડા ગામે બે દિવસ પહેલા મોટો પશુમેળો યોજાયો હતો. જેમાં દેશના વિવિધ રાજ્યોમાંથી મોટી સંખ્યા પશુ વેપારીઓ ગાય, બળદ, ગધેડા વગેરે જેવા પશુઓ લઈ આવ્યા હતા. બે દિવસ ચાલેલા આ પશુમેળાના ગુજરાતના પણ વેપારીઓ સ્થાનિક પંચાયતની મંજુરી લઈ પશુઓ વેચવા માટે ગયા હતા. ગુજરાતના અંદાજે ૨૦ થી વધારે વેપારી ૩૩ જેટલી ટ્રકોમાં પશુઓ ભરી ગયા હતા. એક ટ્રકમાં નિયમ મુજબ ૮ પશુઓ ભરવાની પરમીટ આપવામાં આવે છે. પરંતુ આજે ગુજરાતના વેપારીઓ પૈસા બચાવવાની લાયમાં ૧ ટ્રકમાં ૧૫-૧૫ પશુઓ ભરીને ગુજરાતની ગુંદરી ચેક પોસ્ટથી આર.ટી.ઓ.ની મદદથી ગુજરાતમાં પ્રવેશ કરતા આ સંદર્ભે કેટલા જીવદયાપ્રેમીઓને જાણ થઈ હતી. બાદમાં ૫૦-૬૦ લોકોનું ટોળુ ધસી આવ્યું હતું અને તમામે તમામ ૩૩ ટ્રકોને રોકી ભારે હોબાળો મચાવ્યો હતો. એક ટ્રકમાં ૧૫-૧૫ મુંગા પશુઓ ભરીને આવતી ટ્રકોના ચાલકો અને પશુઓના વેપારીઓ સામે ગૌરક્ષકો ભારે રોષે ભરાયા હતા. આ મામલાની જાણ પાથાવાડા પોલીસમથકના પી.એસ.આઈ.ને જાણ થતા પોલીસે ઘટના સ્થળે આવી સમગ્ર મામલો થાળે પાડ્યો હતો.

## પ્રાંતિજ તાલુકાની બે ગ્રામ પંચાયત ચૂંટણીના પરિણામ જાહેર

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બે ગ્રામ પંચાયતની તાજેતરમાં પેટા ચૂંટણી યોજાઈ હતી. ચૂંટણીના મતોની મત ગણતરી આજે પ્રાંતિજ મામલતદાર કચેરી ખાતે કરવામાં આવી હતી. જેમાં ઓરણ ગ્રામ પંચાયતના સરપંચ પદે રઈશ અહમદ અકબરઅલી તિરમિઝા તેમજ કાટવાડ ગ્રામ પંચાયતના સરપંચપદે લક્ષ્મણસિંહ બાદસિંહ વાઘેલાને ચુંટણી અધિકારીએ વિજેતા જાહેર કર્યા હતા. બંને સરપંચોમાં ઓરણના સરપંચ પણ બહુમતીથી ચુંટણીમાં વિજેતા બન્યા હતા. વિજેતા સરપંચોને હાજર ટેકેદારોએ અભિનંદન પાઠવ્યા હતાં.

## હિંમતનગર ખાતે મોઢેશ્વરી માતાનો પાટોત્સવ ઉજવાશે

હિંમતનગર, તા. ૩૦

હિંમતનગર નજીક આગિયોલ ગામે આવેલ મોઢ પટેલ સમાજવાડી ખાતે મોઢેશ્વરી માતાજીનો પ્રથમ પાટોત્સવ તા. ૧૫ મે ૨૦૧૩ને બુધવારના રોજ યોજાશે. પાટોત્સવની ધામધૂમપૂર્વક તૈયારીઓ સમાજના અગ્રણી દ્વારા ચાલી રહી છે. સમાજના સૌ જ્ઞાતિબંધુઓને પાટોત્સવમાં હાજર રહેવા જણાવાયું છે.

## રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘની બેઠક યોજાઈ

પાલનપુર, તા. ૩૦

ધાનેરા ખાતે શિક્ષણ ક્ષેત્રે કાર્યરત શિક્ષકોની રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘની બેઠક શાળા નં. ૧માં તાજેતરમાં મળી હતી. જેમાં મોટી સંખ્યામાં શિક્ષકો હાજર રહ્યા હતા. ધાનેરા ખાતે મળેલી રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘની બેઠકમાં નવા વર્ષ માટે કારોબારીની રચના કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે બાબુભાઈ પટેલ, ઉપપ્રમુખ તરીકે નરભેરામ પુરોહીત, જગદીશભાઈ મોડીયા અને મહામંત્રી તરીકે અનિલભાઈ શ્રીમાળીની વરણી કરવામાં આવી હતી તેમજ શિક્ષકો અને વિદ્યાર્થીઓના હિત માટે ચર્ચાવિચારણા કરવામાં આવી હતી.

# ઊંઝાના જગન્નાથપુરામાંથી ચાર સટોડીયા ઝડપાયા

ઊંઝા, તા. ૩૦

ઊંઝા તાલુકાના જગન્નાથપુરા ગામે ક્રિકેટ મેચ આધારિત રમાતા જુગાર પર ગાંધીનગર આર.આર. સેલે દરોડો પાડી સ્થળ પરથી ચાર શખ્સોને ઝડપી લઈ કુલ પાંચ હજારની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

વિગત એવી છે કે ઊંઝા તાલુકાના જગન્નાથપુરા ગામે એક મકાનમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમાતો હોવાની મળેલ બાતમીને આધારે ગાંધીનગર આર.આર. સેલે રાત્રિના સમયે અચાનક દરોડો પાડયો હતો. આ સ્થળે આઈપીએલની પંજાબ-મુંબઈ વચ્ચે રમાતી ટવેન્ટી ટવેન્ટી મેચ પર સટ્ટો રમતા રમાડતા જસવંતભાઈ કાન્તિભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ, નીતિનભાઈ સોમાભાઈ અને શૈલેષભાઈ પ્રજાપતિને પોલીસે ઝડપી લઈ રોકડ રકમ, મોબાઈલ ફોન વગેરે મળી કુલ ૫૦૦૦નો મુદ્દામાલ કબજે કરી ઊંઝા પોલિસ મથકે કાયદેસરની ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલિસે જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે. આ દરોડાના પગલે સ્થાનિક પોલિસતંત્ર ઊંઘતું ઝડપાયું હતું.

આ ગુનાની ફરિયાદની વિગત માટે ઊંઝા પોલિસ મથકે ટેલીફોનીક સંપર્ક સાધતાં ફરજ પરના પી.એસ.ઓ. ઝાઝદીનખાનો ફરિયાદની હકિકત વંચાતી નથી તેમ જણાવી ગુનાની વિગત છૂપાવવાનો પ્રયાસ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે આઈ.પી.એલ.ની ક્રિકેટ મેચો શરૂ થતાં ઊંઝા વિસ્તારમાં ક્રિકેટ સટ્ટો ધૂમ ખેલાઈ રહ્યો છે. સ્થાનિક અને ગાંધીનગર આર.આર. સેલ દ્વારા અવાર નવાર દરોડા પાડવામાં આવે છે તેમ છતાં આ ગેરકાયદે ધંધો સદંતર બંધ થતો નથી. ક્રિકેટ મેચ આધારિત જુગારમાં અત્યાર સુધીમાં કેટલાયે યુવાનો આર્થિક રીતે પાયમાલ થયા હોવાનું તેમજ કેટલાકે જીવ ગુમાવ્યા હોવાનું કહેવાય છે.

# પ્રગતિ પ્રાથમિક શાળાના ધો-૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની પ્રગતિ પ્રાથમિક શાળામાં તાજેતરમાં ધોરણ-૮ના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓનો શાળા વિદાય સન્માન સમારંભ યોજાયો હતો.

ઉચ્ચ પ્રાથમિક શાળામાં છેલ્લા વર્ષમાં એટલે કે ધોરણ-૮માં અભ્યાસ કરી નવા વર્ષમાં ધોરણ-૯માં માધ્યમિક વિભાગમાં પ્રવેશ મેળવનાર પ્રગતિ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનો વિદાય સાથે સન્માન સમારંભ યોજાઈ ગયો. કલોલ શહેરના નગરપાલિકાના માજી કાઉન્સીલર ડી.કે. પરમારના વરદ હસ્તે દરેક વિદ્યાર્થીને ઈનામ તરીકે 'કિલપબોર્ડ' આપી શુભેચ્છા પાઠવવામાં આવી હતી. પ્રગતિ પ્રાથમિક શાળાના આચાર્યા રાગીણીબેન શાહે દરેક વિદ્યાર્થીને ચેવડો તથા પેંડાનો હળવો નાસ્તો કરાવ્યો હતો. શિક્ષિકા રીટાબેન



શાહે આ પ્રસંગે વિદ્યાર્થીઓને જીવનમાં પ્રગતિ કરવા પ્રોત્સાહિત કર્યા હતા. ધોરણ-૮માં પ્રગતિ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરી ચૂકેલા વિદ્યાર્થીઓએ વર્ષ દરમિયાન શાળામાં થયેલા ખટમીઠા અનુભવોને પોતાની કાલીઘેલી ભાષામાં પોતાના પ્રતિભાવો સ્વરૂપે રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત શ્રી સર્વોદય ઉત્કર્ષ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી કે.કે. શાહે પણ વિદ્યાર્થીઓને ઉત્તરોત્તર પ્રગતિ કરવા આશીર્વચન પાઠવ્યા હતા.

## મા-બાપને ભૂલશો નહીં નાટકના ૫૦ શૉ સફળતાપૂર્વક પૂર્ણ

હિંમતનગર, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાની લોકપ્રિય કલા સંસ્થા સાગર અકાદમી હિંમતનગરના 'મા-બાપને ભૂલશો નહીં' નાટકના ૫૦ શૉ તાજેતરમાં સફળતાપૂર્વક પૂર્ણ થયા છે.

છેલ્લા પચીસ વર્ષમાં સાબરકાંઠામાંથી તૈયાર થયેલા નવી રંગભૂમિ પરના કોઈપણ નાટકના ૫૦ શૉ થયા હોય તેવું આ એક જ નાટક 'મા-બાપને ભૂલશો નહી' છે. આ નાટકમાં નવતર શૈલીની મજબૂત કથાવસ્તુ છે અને નાટક દ્વારા સમાજને હૃદયસ્પર્શી સંદેશ મળે છે. આ નાટકને ૪ લાખ ઉપરાંત પ્રેક્ષકોએ નિહાળ્યું છે અને માણ્યું છે. આ નાટક ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની ત્રિઅંકી નાટ્ય સ્પર્ધામાં પણ વિજેતા રહેલ છે. આ નાટકના લેખક અને દિગ્દર્શક જાણીતા નાટ્યકાર ભરત વ્યાસ છે. નાટકમાં મોટાભાગે સાબરકાંઠાના કલાકારો અભિનય આપી રહ્યા છે.

# મહેસાણા જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ બેઠક યોજાઈ

મહેસાણા, તા. ૩૦

મહેસાણા જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.એન. ઠક્કરના અધ્યક્ષસ્થાને વર્ષાઋતુ ૨૦૧૩ના આયોજન અંગેની બેઠક યોજવામાં આવી હતી. જેમાં મોનસુન ૨૦૧૩ના આગોતરા આયોજનની પુર્વ તૈયારી, અછત પરિસ્થિતિનું આગોતરૂ આયોજન, જળસંચય અને જળ પ્રબંધન અને જળ પ્રબંધન અંગેના કામોનું આયોજન, ડિઝાસ્ટર પ્લાન અદ્યતન કરવા બાબત, વરસાદ માપક યંત્ર અદ્યતન કરવા, બચાવ રાહતની કામગીરી માટે ઉપલબ્ધ સાધનોની વિગત, પીવાના પાણીની તંગી ન સર્જાય તે માટે આયોજન, તેમજ ૦૧ જુનથી ચોમાસાની ઋતુ માટે કંટ્રોલ રૂમ શરૂ કરવા બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.એન. ઠક્કરે ભવિષ્યની અછતની પરિસ્થિતિને પહોંચી વળવા માટે નહેરની આજુબાજુ ઘાસના વાવેતર માટે સાત દિવસમાં સંકલન કરી જમીન, નહેરોની લંબાઈની સંપૂર્ણ માહિતી આપવા મામલતદારશ્રીઓને તાકીદ કરી હતી. આ ઉપરાંત વરસાદ માપક યંત્રોની ચકાસણી, જર્જરીત મકાનો તોડવા, સાફ સફાઈ કરાવવી, વૃક્ષો દૂર કરવા, પાણીનો ભરાવો થતો હોય તેવી જગ્યાઓ સુનિશ્ચિત કરી આગોતરૂ આયોજન કરવા વગેરે બાબતો પર ચર્ચા વિચારણા કરી જરૂરી સુચનો કર્યા હતા.

વીજળીના થાંભલાઓનું નીરીક્ષણ કરવા, આરોગ્યની ટીમો તૈયાર કરવી, રેસ્ક્યુ ટીમ બનાવવી, ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પાસેથી જરૂર સાધનોની માંગણી કરવી વગેરે બાબતે ચર્ચા કરવામાં આવી હતી. ધરોઈ ડેમની સ્થિતિની માહિતી કંટ્રોલ રૂમને મળે તે માટે ખાસ તાકીદ જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ કરી હતી.

આ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી પી.એન. રાઠોડ, જિલ્લાના અધિકારીશ્રીઓ, પ્રાન્ત અધિકારીશ્રીઓ, મામલતદારશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, નગરપાલિકાના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.

# ધાનેરા-થરાદ માર્ગ પર ટ્રેક્ટર ચોરી જતો શખ્સ પકડાયો

## પોલીસ તપાસમાં વધુ ચોરીનો ભેદ ખુલે તેવી શક્યતા

ધાનેરા, તા. ૩૦

ધાનેરા પંથકમાં વાહનચોરીના કિસ્સાઓ દિન પ્રતિદિન વધવા પામ્યા છે. જેમાં ટ્રેક્ટર ચોરીના ઘણા કિસ્સા પોલીસ ચોપડે નોંધાયા છે. ત્યારે ગતરોજ ધાનેરા-થરાદ માર્ગ પર ચોરીનું ટ્રેક્ટર લઈને જતાં એક શખ્સને સ્થાનિક લોકોએ રંગેહાથ ઝડપી પાડ્યો હતો. બનાવની જાણ પોલીસને થતાં ઘટના સ્થળે આવી ચોર ઈસમ વિરૂદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ધાનેરા-થરાદ માર્ગ પર આવેલ ઠાકરજી ટીમ્બર માર્ટ પાસે મેસી ફર્ગ્યુસન ટ્રેક્ટર જીજે-૮-પી-૩૮૦૧ પાર્ક કર્યું હતું. પાર્ક કરેલ જગ્યાએથી એક શખ્સ ટ્રેક્ટર ચાલુ કરી ફરાર થઈ ગયો હતો. સ્થાનિક લોકોએ તેનો પીછો કરી શ્રદ્ધા મેડીકલ પાસે ઓવરટેક કરી ઝડપી લીધો હતો. બાદમાં પોલીસને સોંપતા પુછપરછ કરતાં તેનું નામ સુમનસિંગ મૂળસિંગ રાજપુત (કડી) રાજસ્થાન હોવાનું જણાવ્યું હતું. તેમજ અન્ય એક આરોપી ભાગી છુટવામાં સફળ થયો હતો. ઝડપાયેલ શખ્સની ઉલટતપાસ કરવામાં આવે તો અગાઉ ચોરાયેલ ટ્રેક્ટર અને અન્ય વાહનચોરીના ભેદ ઉકેલાય તેમ સ્થાનિકોએ જણાવ્યું હતું.

# ધાનેરા પંથકમાં ગાયો પર ટ્રક ચાલકોનો આતંક : ગૌરક્ષકોમાં વ્યાપક રોષ

પાલનપુર, તા. ૩૦

બનાસકાંઠાના ધાનેરા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ટ્રક અને ટેન્કર ચાલકો માર્ગની સાઈડમાં બેઠેલી અથવા ઉભેલી ગાયોને અડફેટે લેવાના બનાવો બનતા ગૌરક્ષકો અને ધર્મપ્રેમીઓ ભારે રોષે ભરાયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બનાસકાંઠા જિલ્લાના ધાનેરા સહિત આસપાસ જાહેર માર્ગો પર છેલ્લા ઘણા સમયથી માર્ગની આસપાસથી પસાર થતી તેમજ બેઠેલી ગાયોને તેમજ અન્ય પશુઓને મોટા લોડીંગ ટ્રક અથવા ટેન્કર ચાલકો બેદરકારીપૂર્વક ટ્રક હંકારી અડફેટે લઈ રહ્યા છે. જેથી દરરોજ માર્ગમાં ક્યાંકને ક્યાંક અકસ્માત સર્જાય છે. થોડા દિવસ અગાઉ જ પાલનપુરના શિતલ શોપીંગ પાસે એક ટેન્કરવાળાએ વાછરડાને અને સામરવાડા માર્ગ પર ટ્રકે ગાયનો ભોગ લીધો હતો. આમ વાહનચાલકો માર્ગમાં અવારનવાર પશુઓના ભોગ લઈ રહ્યા છે. ત્યારે ગૌરક્ષકો તેમજ ધર્મપ્રેમી જનતામાં ભારે રોષ જોવા મળ્યો છે. અને સત્વરે પુરપાટ ઝડપે દોડતા વાહનચાલકો પર કાર્યવાહી કરવા માંગણી કરી રહ્યા છે.

# મજૂર હાઉસિંગ સોસાયટીના ચોકને ડૉ. આંબેડકર ચોક તરીકેનું નામાભિધાન કરાયું



ગાંધીનગર, તા. ૩૦

કલોલ શહેરની મજૂર હાઉસિંગ સોસાયટીના ઝાંપા આગળના ચોકને તાજેતરમાં દલિત અગ્રણીઓ દ્વારા ડૉ. આંબેડકર ચોકનું નામાભિધાન કરવામાં આવ્યું છે.

કલોલ શહેરના પૂર્વ વિસ્તારના દલિત સમાજના અગ્રણીએ ૧૪મી એપ્રિલે ડૉ. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે મજૂર હાઉસિંગ સોસાયટીના ઝાંપા આગળના ચોકને ડૉ. આંબેડકર ચોકનું નામાભિધાન કરવામાં આવ્યું છે. દલિત સમાજના અગ્રગણ્ય નાગરિકો એકઠા થઈ ચોકને ડૉ. આંબેડકર ચોકનું બોર્ડ લગાવી તેની અનાવરણ વિધિ કરવામાં આવી હતી. ડૉ. બાબા સાહેબ આંબેડકર યુવક મંડળે આ પ્રસંગે જણાવ્યું છે કે આ ચોકમાં ડૉ. બાબા સાહેબ આંબેડકરનું સ્ટેચ્યુ મુકવું. કલોલ નગરપાલિકા પાસેથી જમીન મળેથી ડૉ. બાબા સાહેબ આંબેડકરનું સ્ટેચ્યુ મુકવા દરેક દલિત સમાજના નાગરિકોએ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું છે.

## પાલનપુરમાં અખાત્રીજે પરશુરામજીની ભવ્ય શોભાયાત્રા નિકળશે

પાલનપુર, તા. ૩૦

ભૂદેવોના આરાધ્યદેવ ભગવાન પરશુરામ જયંતિ એટલે કે અખાત્રીજે પાલનપુરમાં ભવ્ય શોભાયાત્રાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

પાલનપુરમાં સમસ્ત બ્રહ્મ સમાજ સાથે પરશુરામ પરિવાર બનાસકાંઠાના પ્રમુખ હરેશભાઈ શર્માની આગેવાની હેઠળ તાજેતરમાં બ્રાહ્મણ અગ્રણીઓની બેઠક મળી હતી જેમાં પરશુરામ શોભાયાત્રાના આયોજન અંગે વિશદ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ પ્રસંગની ઉજવણીના ભાગરૂપે ઉત્સવ સમિતિની રચના કરવામાં આવી હતી. જેમાં કન્વીનર તરીકે એડવોકેટ ભાવેશભાઈ રાવલ, સહ કન્વીનર તરીકે અશ્વિનભાઈ જોષીની નિયુકિત કરાઈ છે. ઉપરાંત રાજય અને કેન્દ્ર સરકારની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં બ્રહ્મ સમાજના યુવાનો-યુવતીઓને શૈક્ષણિક માર્ગદર્શન મળે તે માટે તાલીમ કેન્દ્ર પણ શરુ કરવામાં આવશે તેમ શૈલેષભાઈ જોષી અને ડામરાજી રાજગોરે જણાવ્યું હતું.

# અમદાવાદના મેયર તરીકે મિનાક્ષીબેન પટેલની વરણી

અમદાવાદ, તા. ૩૦

અમદાવાદ શહેરના મેયર અને ડેપ્યુટી મેયરની અઢી વર્ષની મુદ્દત આજે પૂર્ણ થતી હોવાથી મ્યુનિસિપલ જનરલ બોર્ડની બેઠકમાં મેયરપદે ભાજપના મહિલા કોર્પોરેટર મિનાક્ષીબહેન પટેલની નિમણૂંક કરવામાં આવી છે. પ્રતિષ્ઠીત મેયરપદ માટે ભાજપના કેટલાક મહિલા કોર્પોરેટરો વચ્ચે જોરદાર સ્પર્ધા હતી. મેયર અસિત વોરા અને ડેપ્યુટી મેટર દર્શનાબહેન વાઘેલાની મુદ્દત આજે ૩૦મી એપ્રિલે પૂર્ણ થઈ હતી. હવે આગામી અઢી વર્ષ માટે મેયર પદ મહિલા માટે અનામત હોવાથી સત્તાધારી ભાજપના મહિલા કોર્પોરેટર મિનાક્ષીબહેન પટેલની નિમણૂંક થઈ છે. આ મહત્વકાંક્ષી પદ માટે ભાજપના પ્રતિભાબહેન જૈન, મિનાક્ષીબહેન પટેલ, બિજલબહેન પટેલ, નંદીનીબહેન પંડ્યાના નામો સંભવિત તરીકે ચર્ચામાં હતાં જ્યારે ડેપ્યુટી મેયરપદે અનામત કેટેગરીના કોઈ કોર્પોરેટરની નિમણૂંક કરવામાં આવે તેવી શક્યતા પ્રમાણે રમેશભાઈ દેસાઈની નિમણૂંક કરવામાં આવી છે. છે. ડેપ્યુટી મેયરપદ માટે વસંત પરમાર, મહાદેવ દેસાઈ નામો સંભવિત તરીકે ચર્ચામાં હતાં. અલબત્ત આજે રાત્રે ભાજપ હાઈકમાન્ડની બેઠક મળી હતી જેમાં મેયર અને ડેપ્યુટી મેયરના નામો નક્કી કરવામાં આવ્યા હતાં.

આજે મેયર અને ડેપ્યુટી મેયરની ચંટણીમાં કોંગ્રેસ પક્ષે મેયરપદ માટે વિધીબહેન વાળા અને ડેપ્યુટી મેયરપદ માટે અતુલ પટેલને ઊભા રાખવાનો દરખાસ્ત મૂકી હતી. મેયરની ચૂ/ટણીમાં મિનાક્ષીબેન પટેલને હુમતી મળતાં તેમને મેયર જાહરે કરાયા હતા તેમજ ડેપ્યુટીમેયરની ચૂંટણીમાં અમરાઈવાડીનાં કોર્પોરેટર રમેશભાઈ દેસાઈને બહુમતી મળતાં તેમને ડેપ્યુટી મેયર જાહેર કરયા હતા.

મેયર મિનાક્ષીબેન પટેલે જણાવ્યું કે ભાજપે મારા પરવિશ્વાસ મૂકી મને શહેરની પ્રથમ નાગરિક બનવાનું સૌભાગ્ય આપ્યુ છે. શહેરમાં નાગરિકોને પ્રાથમિક સુવિધાઓ જેવી કે રોડ, રસ્તા, પાણી વગેરેની સમસ્યાઓનો ઉકેલ લાવશે તેમજ શહેરના જે પ્રોજેક્ટો ચાલી રહ્યા છે. તેને વેગવંતા કરી શહેરનો વિકાસ કરવામાં આવશે. મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાને શેરી-શેરીએ લઈ જઈ શહેરનો વિકાસ કરાશે તેમ તેમણે જણાવ્યું હતું. જો કે હાલમાં ભાજપના ૧૫૧ કોર્પોરેટરોની સામે કોંગ્રેસના ૩૮, અપક્ષ બે અને એનસીપીના એક કોર્પોરેટર હોવાથી ચૂંટણી માત્ર ઔપચારિકતા બની રહી હતી. બાકીના હોદ્દેદારોના નામ ટૂંક સમયમાં જાહેર થશે. ભાજપની પાર્લામેન્ટરી બોર્ડમાં મેયર અને ડેપ્યુટી મેયર પદ ઉપરાંત સ્ટેન્ડિંગ કમિટીના ચૅરમેન જેવા અગત્યના નામોની ચર્ચા કરવામાં આવી હતી. પક્ષમાં ચર્ચાઈ રહ્યું હતું કે, આ વખતના મહિલા મેયર પટેલ જ્ઞાતિના હશે. મેયર મહિલા ઉમેદવારોની સ્પર્ધામાં મિનાક્ષીબહેન પટેલનું નામ મોખરે હતું.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો રૂમ બંધ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૮૬

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન